કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે ગુજરાત સજ્જ

# CWG ટીમની પ્રથમ મુલાકાત

**સીએમ** ભૂપેન્દ્ર પટેલે ‘ટાઈમ બાઉન્ડ’ આયોજનનો આપ્યો મંત્ર



ગાંધીનગર : ગુજરાત અને અમદાવાદમાં વર્ષ ૨૦૩૦માં યોજાનારી ઐતિહાસિક શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સ (CWG-2030) ની પૂર્વતૈયારીઓના નિરીક્ષણ માટે કોમનવેલ્થ સ્પોર્ટ્સ ટીમ પ્રથમવાર ગુજરાતની સત્તાવાર મુલાકાતે આવી પહોંચી છે. કોમનવેલ્થ સ્પોર્ટ્સના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ રૂકરની અધ્યક્ષતામાં પાંચ સભ્યોના પ્રતિનિધિમંડળે ગાંધીનગર ખાતે સીએમ ભૂપેન્દ્ર પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરી પ્રવાસનો પ્રારંભ કર્યો હતો.

સીએમ ભૂપેન્દ્ર પટેલે આ બેઠક દરમિયાન જણાવ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદીએ આપેલા ‘ટાઈમ બાઉન્ડ, ક્વોલિટેટિવ અને ઈફેક્ટિવ પ્લાનિંગ’ના મંત્ર સાથે ગુજરાત સરકાર ૨૦૩૦ની ગેમ્સને ભવ્યતાપૂર્વક પાર પાડવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર જરૂરી તમામ અત્યાધુનિક સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી પૂરું પાડશે.

કોમનવેલ્થ સ્પોર્ટ્સ ટીમના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ રૂકર અને સીઈઓ કાટે સેડલીરે ગુજરાતના આતિથ્ય સત્કારની પ્રશંસા કરી હતી. તેમણે સીએમ ભૂપેન્દ્ર પટેલને ૨૩ જુલાઈ, ૨૦૨૬થી ગ્લાસગોમાં શરૂ થનારી કોમનવેલ્થ ગેમ્સ નિહાળવા અને ત્યાંના આયોજનના અભ્યાસ માટે સત્તાવાર નિમંત્રણ પાઠવ્યું હતું, જેનો મુખ્યમંત્રીએ સ્વીકાર કર્યો હતો. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે પણ કોમનવેલ્થ ટીમે મુલાકાત કરી ચર્ચાઓ કરી હતી. ૨૦૩૦ની ગેમ્સ માત્ર રમત-ગમત જ નહીં પરંતુ ગુજરાતની ‘કલ્ચરલ વાઈબ્રન્સી’ની પણ વિશ્વને અનુભૂતિ કરાવશે તેવો વિશ્વાસ ડોનાલ્ડ રૂકરે વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાનના વિઝનરી નેતૃત્વ હેઠળ રમત-ગમતને જે પ્રોત્સાહન મળી રહ્યું છે તેની ટીમે મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. ઈન્ડિયન ઓલિમ્પિક્સ એસોસિએશનના પદાધિકારીઓ સાથે આ ટીમ ૮ થી ૧૧ એપ્રિલ દરમિયાન ગુજરાતમાં રોકાણ કરવાની છે. આ દરમિયાન પ્રતિનિધિમંડળ નીચે મુજબના સ્થળોની મુલાકાત લઈ સાઈટ વિઝિટ કરશે

### આ સાઇટની વિઝિટ કરશે

- **અમદાવાદ:** નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, વીર સાવરકર કોમ્પ્લેક્સ અને એકા એરેના
- **વડોદરા:** ક્રિકેટ સ્ટેડિયમ
- **એકતા નગર (સ્ટેચ્યુ ઓફ યુનિટી):** વિવિધ રમત-ગમતના સંભવિત સ્થળો

# ખંભાતના વ્હોરા પરિવારને પલસાણા નજીક અકસ્માત, ચારનાં મોત

**ફર્સ્ટ** લેન પર પાર્કિંગ લાઈટ કે સિગ્નલ વગર ઊભેલા ટેમ્પો પાછળ ઇકો કાર ઘૂસી ગઈ

**મુંબઈથી** સારવાર કરાવી પરત ફરતી વેળા પરિવારને અકસ્માત નડ્યો



પલસાણાઃ પલસાણા તાલુકામાંથી પસાર થતા મુંબઈ-અમદાવાદ ભારતમાલા પ્રોજેક્ટ એક્સપ્રેસ વે પર મંગળવારની મધ્ય રાત્રિએ દસ્તાન ગામની સીમમાં ઊભેલા એક આઈશર ટેમ્પોની પાછળ ઈકો કાર ધડાકાભેર અથડાઈ હતી. આ ગોઝારા અકસ્માતમાં ખંભાતના એક જ પરિવારના ચાર સભ્યનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી સાથે વ્હોરા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી વિગતો અનુસાર આણંદ જિલ્લાના ખંભાત ખાતે કાદરપુર મહોલ્લામાં એમ.પી.હાઈસ્કૂલ પાસે રહેતો એડનવાળા પરિવાર મુંબઈથી પરત ફરી રહ્યો હતો. પરિવારના સભ્યો મુનિરાબેનની સારવાર અર્થે ઈકો કાર નં.(GJ 23 BL 0679) લઈને મુંબઈ ગયા હતા. સારવાર કરાવીને રાત્રિના સમયે તેઓ એક્સપ્રેસ વે પરથી ખંભાત પરત ફરી રહ્યા હતા ત્યારે રાત્રે આશરે 12:30 કલાકે કાળે તેમને આંતર્યા હતા.

અકસ્માતની વિગત એવી છે કે, પલસાણાના દસ્તાન ગામની સીમમાં ભારતમાલા એક્સપ્રેસ વેની લેન નંબર-1 પર એક આઈશર ટેમ્પો નં.(GJ 16 AW 3448)નું આગળનું ટાયર ફાટ્યું હતું. ટાયર ફાટવાના કારણે ટેમ્પો ચાલકે વાહન રસ્તાની વચ્ચે જ ઊભું રાખી દીધું હતું. પાછળથી પૂરઝડપે આવી રહેલી ઈકો કારના ચાલક હોજેફા એડનવાળાને અંધારામાં ઊભેલો ટેમ્પો દેખાયો ન હતો, પરિણામે કાર ટેમ્પોના પાછળના ભાગે જોરદાર રીતે ભટકાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

આ અકસ્માતમાં 39 વર્ષીય હાફેજા જોહિરભાઈ એડનવાળા, 45 વર્ષીય મુર્તુઝા યુસુફ અલી એડનવાળા, 48 વર્ષીય મુર્તુઝા જોએબ એડનવાલા અને 46 વર્ષીય મુનિરા મુર્તુઝા એડનવાળાનાં સ્થળ પર જ મોત થયાં હતાં. તપાસમાં બહાર આવ્યું છે કે, અકસ્માત પાછળ ટેમ્પો ચાલકની ઘોર બેદરકારી જવાબદાર હતી. એક્સપ્રેસ વેની ફર્સ્ટ લેન પર ટેમ્પો બ્રેકડાઉન થયો હોવા છતાં ચાલકે વાહન સાઈડમાં ખસેડવાની તસ્દી લીધી ન હતી. વધુમાં, તેણે ટેમ્પોની પાર્કિંગ લાઈટ ચાલુ કરી ન હતી કે રસ્તા પર કોઈ સુરક્ષા બેરિકેટ્સ કે સિગ્નલ મૂક્યાં ન હતાં. જો સામાન્ય સાવચેતી રાખવામાં આવી હોત તો આ મોટી દુર્ઘટના નિવારી શકાઈ હોત. ઘટનાની જાણ થતા જ પલસાણા પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને મૃતદેહોને પીએમ અર્થે ખસેડી ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## ભેસ્તાન આવાસ નજીક ચપ્પુ મારી વોચમેનને લૂંટી લીધો

સુરતઃ ડિંડોલી-ભેસ્તાન વિસ્તારમાં વહેલી સવારે નોકરી પર જઈ રહેલા પાલિકાની શાળાના વૃદ્ધ વોચમેનને આંતરી બે અજાણ્યા લૂંટારુઓએ ચપ્પુના ઘા ઝીંકી દેતા ચકચાર મચી ગઈ છે. મહારાષ્ટ્રના ધુલીયા જિલ્લાના ભદાને ગામના મૂળ વતની અને હાલ સુરતમાં ડિંડોલી ભેસ્તાન આવાસમાં રહેતા ૬૧ વર્ષીય લોટનભાઈ જુબલા ખેરનાર સુરત મહાનગરપાલિકાની પ્રાથમિક શાળા ક્રમાંક-૪૦૦માં વોચમેન તરીકે ફરજ બજાવે છે. ગત તા. ૦૬/૦૪/૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે ૦૪:૦૦ વાગ્યાના સુમારે લોટનભાઈ રોજ મુજબ પોતાના ઘરેથી નોકરી પર જવા માટે નીકળ્યા હતા.જ્યારે તેઓ ભેસ્તાન આવાસની પાણીની ટાંકી પાસેના રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક મોટરસાયકલ પર સવાર બે અજાણ્યા ઇસમો ત્યાં ધસી આવ્યા હતા. બંનેએ તેમને ચપ્પુના ઘા મારી લૂંટી લીધા હતા અને ફરાર થઇ ગાય હતાં.

# અમેરિકા યુદ્ધવિરામ માટે સંમત થયું કે તેણે ઈરાનની શરણાગતિ સ્વીકારી?



ડોનાલ્ડ ટ્રમ્પ મંગળવારે રાત્રે જ્યારે એક આખી સભ્યતાને બરબાદ કરવાની ધમકી આપી રહ્યા હતા ત્યારે બુધવારે સવારે એવું શું બન્યું કે તેમણે અચાનક શરણાગતિ સ્વીકારી લીધી? શું ડોનાલ્ડ ટ્રમ્પે ફક્ત હોર્મુઝ સ્ટ્રેટના મુદ્દા પર હાર માની લીધી? બે અઠવાડિયાંના સોદા પાછળ ઈરાનનો ખરો ખેલ શું છે? વિનાશ વચ્ચે યુદ્ધવિરામ કેવી રીતે થયો? રાત્રિના અંધારામાં ફક્ત ચાર ટ્વીટથી સમગ્ર વિશ્વનું તેલયુદ્ધ અને મહાસત્તાઓનું રાજકારણ બદલાઈ ગયું. અમેરિકા હુમલો કરવાનું હતું, મિસાઇલો તૈયાર હતાં, સમયમર્યાદા પૂરી થવાની હતી, પરંતુ પછી અચાનક ટ્રમ્પ ટૂંકા ગાળા માટે રોકાઈ ગયા; ફક્ત એક શરતે કે હોર્મોસ સ્ટ્રેટ ખોલો. પ્રશ્ન એ છે કે શું ડોનાલ્ડ ટ્રમ્પ ઇરાન નહીં પરંતુ હોર્મોસ સ્ટ્રેટ પર અટવાઈ ગયા હતા? શું પાકિસ્તાન આ સમગ્ર સોદામાં સૌથી મોટો ખેલાડી બન્યો? ફક્ત ચાર કલાકમાં વાર્તા યુદ્ધવિરામ સુધી કેવી રીતે ગઈ? કોણ જીત્યું, કોણે શરણાગતિ સ્વીકારી અને ચીન શા માટે સૌથી મોટો ફાયદો લઈને ચૂપચાપ ચાલ્યું ગયું? શું આ અમેરિકાની શરણાગતિની વાર્તા છે? ઈરાન હવે ફક્ત યુદ્ધવિરામ વિશે વાત કરી રહ્યું નથી. તે તેનાં લોકોને યુદ્ધ જીતવાની ઉજવણી કરવાનું કહી રહ્યું છે. તહેરાનની શેરીઓમાં આનંદ છે. ઈરાનનું સરકારી મીડિયા આને અમેરિકાને તેની શરતો સ્વીકારવા માટે મજબૂર કરવામાં વિજય ગણાવી રહ્યું છે. ઈરાનનો સૌથી મોટો દાવો એ છે કે અમેરિકા તેની ૧૦ શરતો પર સંમત થયું છે.

**ટુધ પોઇન્ટ ■ સંજય વોરા ■**

આ ઘટના સમજવા માટે આપણે શું બન્યું તે સમજીએ. પહેલાં લગભગ ૧૨:૪૬ વાગ્યે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે યુદ્ધમાં બે અઠવાડિયાં માટે રોક લગાવવાની અપીલ કરી. તે સમયે વિશ્વને લાગ્યું કે તે ફક્ત એક રાજદ્વારી નિવેદન છે, પરંતુ લગભગ ૪:૦૦ વાગ્યે ટ્રમ્પે અચાનક પોસ્ટ કરી કે જો ઈરાન હોર્મુઝને સંપૂર્ણપણે ખોલે તો હું બે અઠવાડિયાં માટે હુમલો રોકી રહ્યો છું. આ તબક્કે આખું ચિત્ર પલટાઈ ગયું. માત્ર ૪૦ મિનિટ પછી ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાકચીએ જવાબ આપ્યો કે જો હુમલાઓ બંધ થાય, તો અમારી સેના રક્ષણાત્મક કામગીરી બંધ કરશે અને હોર્મુઝમાંથી સુરક્ષિત માર્ગ બે અઠવાડિયાં માટે શક્ય બનશે.

આનો અર્થ એ થયો કે બંનેએ અલગ અલગ ભાષાઓમાં એક જ વાત કહી અને સવારે ૫:૨૦ વાગ્યે પાકિસ્તાને સત્તાવાર યુદ્ધવિરામ જાહેર કર્યો. શું વાસ્તવિક લડાઈ ઈરાન સામે નહીં, પણ હોર્મુઝ માટેની લડાઈ હતી? હવે, આ સૌથી મોટો પ્રશ્ન છે. ડોનાલ્ડ ટ્રમ્પે અચાનક હુમલો કેમ અટકાવ્યો? જવાબ તેલ છે. હોર્મુઝ વિશ્વનો સૌથી મહત્ત્વપૂર્ણ શિપિંગ ચોકપોઇન્ટ છે. જો તે બંધ રહ્યો હોત, તો તેથી ફક્ત અમેરિકાને જ નહીં પરંતુ સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, ભારત, ચીન અને યુરોપને પણ ઊર્જાનો ફટકો પડ્યો હોત. તેથી ડોનાલ્ડ ટ્રમ્પનું સમગ્ર ધ્યાન ઈરાનનું શાસન બદલવા કરતાં હોર્મુઝની શિપિંગ લેનને પુનઃસ્થાપિત કરવા પર વધુ કેન્દ્રિત હતું. અને ઈરાને શું કર્યું? તેણે રૂટ ખોલ્યો, પરંતુ પોતાનું નિયંત્રણ છોડ્યું નહીં. આનો અર્થ એ છે કે જહાજો ત્યાંથી પસાર થશે, પરંતુ ફક્ત ઈરાની સૈન્ય સાથે સંકલનમાં. સરળ શબ્દોમાં કહીએ તો, અમેરિકાએ રૂટ ખોલ્યો, પરંતુ ઈરાન હજુ પણ તેની ચાવી ધરાવે છે. ઈરાન આ બિંદુને પોતાની જીત ગણાવી રહ્યું છે.

પાકિસ્તાન ગેમ ચેન્જર કેવી રીતે બન્યું? આ સંઘર્ષમાં ઘણાં લોકો જેને સાઇડ પ્લેયર માનતા હતા, તે પાકિસ્તાન અચાનક ડોનાલ્ડ ટ્રમ્પ, ઈરાન અને પ્રાદેશિક લશ્કરી સંગઠન વચ્ચે સંદેશાવ્યવહારનો સેતુ બની ગયો. શાહબાઝ શરીફની અપીલ, તેના પર અસીમ મુનીરનું નામ અને ઇસ્લામાબાદ મંત્રણાનું આમંત્રણ દર્શાવે છે કે પાકિસ્તાન ફક્ત સંદેશવાહક જ નહીં પરંતુ યુદ્ધવિરામનો શિલ્પી બનવા માંગે છે. જો શુક્રવારની મંત્રણા સફળ થાય છે, તો તે દક્ષિણ એશિયાઈ રાજદ્વારીનું સમગ્ર સંતુલન બદલી શકે છે. પાકિસ્તાન જેવો દેશ સમાધાન માટે મધ્યસ્થી કરી રહ્યો છે, પરંતુ ત્યાં આપણે હોવું જોઈએ, કારણ કે આપણે વિશ્વશાંતિ અને સાર્વત્રિક ભાઈચારાના સિદ્ધાંતોમાં માનીએ છીએ. જો કે, આપણા વિદેશ મંત્રીએ પહેલાંથી જ કહ્યું છે કે આપણે દલાલી કરતા નથી. ભારતે ભૂતકાળમાં ઘણાં મોટાં યુદ્ધો અટકાવ્યાં છે અને આજે ઈરાન-અમેરિકાના યુદ્ધવિરામમાં ભારતના ઇતિહાસને યાદ કરવામાં આવી રહ્યો છે. સત્ય એ છે કે ભારતે કોરિયા, વિયેતનામ, શ્વેત સંકટ અને કોંગો જેવા મોટા સંઘર્ષોમાં યુદ્ધવિરામ લાગુ કરવામાં, દેખરેખ રાખવામાં અને યુએન શાંતિ રક્ષામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કોરિયામાં યુદ્ધ કેદીઓનો મુદ્દો હોય કે કોંગોમાં શાંતિ રક્ષા દળોની તૈનાતી હોય, ભારત વારંવાર વિશ્વમાં શાંતિનિર્માતા તરીકે ઊભું રહ્યું છે. આ મામલામાં પાકિસ્તાન ભારત કરતાં ચોક્કસ આગળ નીકળી ગયું છે.

હવે આ સમગ્ર સંઘર્ષમાં છુપાયેલા વિજેતા પર નજર કરીએ. અત્યારે સૌથી ખુશ ચીન છે. અમેરિકા મધ્ય પૂર્વમાં ફસાયેલું છે, તેલ માર્ગ અસ્થિર બન્યો છે અને વૈશ્વિક ધ્યાન ઇન્ડો-પેસિફિકથી હટી ગયું છે. આનો અર્થ એ થયો કે ચીનને વ્યૂહાત્મક રીતે શ્વાસ લેવાની જગ્યા મળી ગઈ છે. ચીન હવે તાઈવાનમાં પોતાનું ધાર્યું કરી શકશે. લડાઈ અમેરિકા અને ઈરાન વચ્ચે હતી, પરંતુ તેમાં ચીન ફાવી ગયું છે. જો સલામતી સમિતિમાં ચીન અને રશિયાના વીટોના મુદ્દાને સાચા પરિપ્રેક્ષ્યમાં ચકાસીએ તો તે સસ્પેન્સ બનાવે છે. શું યુદ્ધવિરામ પાછળ બેકસ્ટેજ ડીલ ચાલી રહી હતી?

ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ અનુસાર, અમેરિકા સૈદ્ધાંતિક સ્તરે નીચેના મુદ્દાઓ પર સંમત થયું છે: ઈરાન પર લાદવામાં આવેલા પ્રાથમિક અને ગૌણ પ્રતિબંધો હટાવવા, ગલ્ફ પ્રદેશમાંથી અમેરિકન લડાયક દળોને પાછાં ખેંચવા, યુરેનિયમ સંવર્ધનના ઈરાનના અધિકારને માન્યતા આપવી, તેના મિસાઈલ અને ડ્રોન કાર્યક્રમો પરની પાબંદી તાત્કાલિક પાછી ખેંચી લેવી અને સૌથી આઘાતજનક રીતે હોર્મુઝ સ્ટ્રેટ પર ઈરાનના સતત નિયંત્રણની સ્વીકૃતિ.

જો ઈરાન સત્તાવાર રીતે તે જ હોર્મુઝ સ્ટ્રેટનું નિયંત્રણ જાળવી રાખે છે, તો અમેરિકાએ ઈરાનને માર્ગની ચાવી સોંપી દીધી છે. આ ૧૦ મુદ્દાઓ પર અમેરિકા તરફથી હજુ સુધી સ્પષ્ટ, લાઈન-બાય-લાઈન પુષ્ટિ મળી નથી. આનો અર્થ એ છે કે કાં તો ઈરાન આને તેની પ્રજા માટે વિજય તરીકે દર્શાવી રહ્યું છે અથવા પડદા પાછળનો એક વાસ્તવિક સોદો થયો છે, જે મધ્ય પૂર્વમાં શક્તિના સમગ્ર સંતુલનને બદલી નાખશે. હવે વાસ્તવિક પ્રશ્ન એ છે કે શું ડોનાલ્ડ ટ્રમ્પે માત્ર બે અઠવાડિયાંની શાંતિ ખરીદી છે કે તેમણે મધ્ય પૂર્વમાં અમેરિકાની દાયકાઓ જૂની નીતિઓ બદલી નાખી છે? જો ઈરાન પરના પ્રતિબંધો હટાવવામાં આવે છે, જો યુરેનિયમનું સંવર્ધન સ્વીકારવામાં આવે છે, જો ઈરાનનો મિસાઇલ કાર્યક્રમ અકબંધ રહે છે અને જો ઈરાન હોર્મુઝની ચાવી જાળવી રાખે છે, તો આ ફક્ત યુદ્ધવિરામ નહીં પણ ૨૧મી સદીનો સૌથી મોટો સોદો હોઈ શકે છે.

તો આ વાર્તાનો નિષ્કર્ષ શું છે? શું ડોનાલ્ડ ટ્રમ્પે નમવું પડ્યું? જવાબ હા માં લાગે છે અને ઈરાને શાસન કરતાં હોર્મુઝ રૂટને પ્રાથમિકતા આપી વિચાર્યું કે હોર્મુઝનો રસ્તો ખોલો, નિયંત્રણ છોડશો નહીં. આનો અર્થ એ છે કે આ બે અઠવાડિયાંની શાંતિ વાસ્તવમાં કાયમી શાંતિ નથી, પરંતુ આગામી મોટા કરાર પહેલાંનું સૌથી ખતરનાક મૌન છે. હવે દુનિયા ૧૦ એપ્રિલે ઇસ્લામાબાદ મંત્રણા પર નજર રાખશે, કારણ કે ત્યાં નક્કી કરવામાં આવશે કે આ યુદ્ધવિરામ ઇતિહાસ બની જશે કે આગામી મોટા યુદ્ધ માટે માત્ર એક ઇન્ટરવલ. જો ઈરાનના દાવાનો એક ભાગ પણ સાચો હોય, તો આ મામલો ફક્ત યુદ્ધવિરામ નહીં પણ અમેરિકાની શરણાગતિ બની જાય છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**આ સંઘર્ષમાં ઘણાં લોકો જેને સાઇડ પ્લેયર માનતા હતા, તે પાકિસ્તાન અચાનક ડોનાલ્ડ ટ્રમ્પ, ઈરાન અને પ્રાદેશિક લશ્કરી સંગઠન વચ્ચે સંદેશાવ્યવહારનો સેતુ બની ગયો**

# BUSINESS મિત્ર

શેરબજારમાં વિશ્વાસ વધ્યો, રોકાણકારોએ રૂ. 15 લાખ કરોડની કમાણી કરી

# યુદ્ધ વિરામને શેરબજારે વધાવ્યું, 4 ટકાનો ઉછાળો જોવાયો

**ક્રુડ** ઓઇલના ભાવ ઘટતા ઓટો શેરોમાં જબરજસ્ત ઉછાળો : નિફ્ટીએ ઇન્ટ્રાડેમાં 24000 પોઇન્ટની સપાટી વટાવી

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 8:** ઈરાન-અમેરિકાના સીઝ ફાયરને ભારતીય શેરબજાર ઉજવણી કરતા જોવા મળ્યા હતા અને આજે શરૂઆતથી જ ભારે ઉછાળા સાથે ગેપ અપ ઓપનીંગ કરતા જોવા મળ્યા હતા. જેના લીધે સેન્સેક્સ અને નિફ્ટીમાં આશરે 4 ટકાનો ઉછાળો જવાયો હતો.જેના પરિણામે બીએસઇ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપમાં 15 લાખ કરોડનો વધારો થયો છે. આમ, રોકાણકારોએ 15 લાખ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

અમેરિકા અને ઈરાન વચ્ચે અસ્થાયી યુદ્ધવિરામ, ક્રુડ ઓઇલની કિંમતોમાં ભારે ઘટાડો અને અન્ય અનુકુળ કારણોના પગલે બજારમાં રોકાણકારોનો વિશ્વાસ વધુ ચરમસીમાએ પહોંચ્યો હતો. જેના લીધે સેન્સેક્સ 2900 પોઈન્ટ ઉછળ્યો હતો, જ્યારે નિફ્ટીએ ઈન્ટ્રાડેમાં 24000 પોઈન્ટની સપાટી કુદાવી દીધી હતી. મીડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધથી ક્રુડ ઓઈલ અને ગેસના વધતા ભાવો અર્થતંત્ર પર પ્રતિકૂળ અસર કરી રહ્યા છે, પણ અસ્થાયી ધોરણે યુદ્ધ વિરામ કરતા ક્રુડ ઓઈલના ભાવમાં પણ 15 ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો અને આ ભાવ 100 ડોલરની નીચે સરકીને 95 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયો હતો. આ સાથે રૂપિયામાં પણ મજબૂતાઈ રહી હતી. જેથી નિફ્ટીએ 24000 પોઈન્ટની સપાટી કુદાવી હતી. યુદ્ધવિરામ બાદ બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થઈ રહ્યો છે. આરબીઆઈની મોનીટરીંગ પોલિસીની બેઠક પુરી થઈ હતી અને આરબીઆઈએ વ્યાજદરમાં કોઇ ફેરફાર કર્યો નથી. જેની પણ પોઝિટિવ અસર પડી હતી. ઈન્ડિયા વીઆઈએક્સમાં 20 ટકાના ઘટાડા સાથે બજારની અસ્થિરતા હળવી થઈ છે. આ મિસક અને સાપ્તાહિક વિકલ્પોના પ્રીમિયમને અસર કરી રહ્યું છે, જેના કારણે પ્રીમિયમમાં ઘટાડો થયો છે. મીડલ ઈસ્ટમાં શાંતિ થાય તો ઓઈલ એન્ડ ગેસ સેકટરના શેરો ફોકસમાં રહી શકે છે.

બીએસઇ સેન્સેક્સ2946.32 પોઈન્ટ એટલે કે 3.95 ટકા વધીને 77500 પોઈન્ટની સપાટી કુદાવીને 77562.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77635 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77042 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 873.70 પોઈન્ટ એટલે કે 3.78 ટકા ઉછળીને 23997.35 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24000 પોઈન્ટની સપાટી કુદાવીને 24025 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23828 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 2987.65 પોઈન્ટ એટલે કે 5.67 ટકા વધીને 55703.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે આઈટીસી હોટલ્સમાં 62.49 ગણા, આલ્કેમ લેબ્સમાં 35.27 ગણા, ડો. લાલ પેથલેબમાં 21.1 ગણા, દાલમીયા ભારતમાં 12.69 ગણા, અને સોના બીએલડબલ્યુ પ્રીસીસન ફોર્જીંગ્સમાં 9.73 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એબી રિયલ એસ્ટેટમાં 9.83 ગણા, ટીબીઓ ટેક લિ.માં 9.36 ગણા, ચોલામાંડલમ ફાઇ. હોલ્ડીંગ્સમાં 7.67 ગણા, યુટીઆઇ એએમસીમાં 6.59 ગણા અને પાઇન લેબ્સમાં 6.45 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં પણ સુંદર પ્રદર્શન જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 3.97 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 3.88 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યું હતું. બીએસઇ ખાતે 3855 શેરો વધ્યા હતા, જ્યારે 539 શેરો ઘટ્યા હતા અને 103 શેરોમાં કોઈ ફેરફાર થયો નથી. વૈશ્વિક સ્તરે ઈરાનના ઈન્ફ્રાસ્ટ્રકચર પરના હુમલાને બે સપ્તાહ માટે સ્થગિત કરવા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સંમત થયા પછી યુરોપિયન અને એશિયન બજારોમાં ઉછાળો જોવાયો હતો. ઈનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાગચીએ દેશની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ વતી સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે તેહરાનની સશસ્ત્ર સેનાઓ તેમની રક્ષણાત્મક કામગીરી બંધ કરશે.

## રૂપિયામાં વધુ મજબૂતાઇ, 41 પૈસા ઉછળ્યો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 8:** આરબીઆઇની મોનીટરીંગ પોલિસીની બેઠક પુરી થઇ હતી અને વ્યાજદરમાં કોઇ ફેરફાર નહીં કરતાં આજે કરન્સી બજારમાં રૂપિયો વધુ મજબૂત થયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 41 પૈસા ઉછળીને 92.58ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.99ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 108.91, પાઉન્ડ 125.10, કેનેડિયન ડોલર 66.60, ઓસ્ટ્રેલિયન ડોલર 65.72, જાપાનીઝ યેન 0.5854 અને સીંગાપોર ડોલર 72.89ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 92.58 રૂ. |
| યુરો | 108.91 રૂ. |
| પાઉન્ડ | 125.10 રૂ. |
| યેન | 0.5855 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 2946.32 | 77562.90 |
| નિફ્ટી | 873.35 | 23997.35 |
| બેન્ક નિફ્ટી | 2987.65 | 55703.90 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 9.94 | 1023.20 |
| અદાણી એન્ટરપ્રાઇઝ | 8.59 | 2043.80 |
| ટીએમપીવી | 8.44 | 334.75 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 8.12 | 4615.50 |
| આઇશર મોટર્સ | 7.96 | 7131.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોલ ઇન્ડિયા | 2.97 | 449.25 |
| ટેક મહિન્દ્રા | 1.49 | 1451.40 |
| નેસલે ઇન્ડિયા | 0.74 | 1213.70 |
| વિપ્રો | 0.64 | 203.42 |
| ઓએનજીસી | 0.40 | 285.50 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 8.16 | 4616.60 |
| લાર્સન-ટુબ્રો | 7.64 | 4007.35 |
| બજાજ ફાઇનાન્સ | 7.03 | 915.45 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 6.79 | 3210.70 |
| એક્સીસ બેન્ક | 6.56 | 1332.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટકે મહિન્દ્રા | 1.53 | 1450.85 |
| સન ફાર્મા | 0.29 | 1713.60 |
| પાવરગ્રીડ | 0.20 | 294.85 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ ’’ | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૨૫૦ |
| એસ-30 | ૪૧૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૫૫૦ |
| તેજાબી સોનું | ૧૫૫૪૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૭૭૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૨૪૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૫૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૦૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૧૮૦૦ |

# છેતરપિંડીનો કેસ ફગાવવાની અરજી કોર્ટે સ્વીકારતા અદાણીને મોટી રાહત

**અદાણી** જૂથે ભારતમાં સૌર ઉર્જા પ્રોજેક્ટ્સ હસ્તગત કરવા માટે 250 મિલિયન ડોલરથી વધુની લાંચ આપવાની યોજના બનાવી હતીઃ અદાણી જૂથ પર આરોપ

નવી દિલ્હી, તા. 8: અમેરિકન કોર્ટે ઉદ્યોગપતિ ગૌતમ અદાણીને મોટી રાહત આપી છે. અદાણી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કોર્ટે સુનાવણી મંજૂર કરી દીધી છે, જેમાં યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (એસઈસી) દ્વારા દાખલ કરવામાં આવેલા કથિત છેતરપિંડીના કેસને ફગાવી દેવાની માંગ કરવામાં આવી છે. ન્યૂયોર્કની ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે અદાણી અને તેના ભત્રીજા સાગર અદાણી દ્વારા દાખલ કરવામાં આવેલી પ્રી મોશન કોન્ફરન્સની માંગ સ્વીકારવામાં આવી છે અને પક્ષકારોને સુનાવણીની તારીખ નક્કી કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

એસઈસી અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા નવેમ્બર 2024માં દાખલ કરવામાં આવેલા કેસમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે અદાણી જૂથે ભારતમાં સૌર ઉર્જા પ્રોજેક્ટ્સ હસ્તગત કરવા માટે 250 મિલિયન ડોલરથી વધુની લાંચ આપવાની યોજના બનાવી હતી અને આ માહિતી યુએસ રોકાણકારો અને બેંકોથી છુપાવી હતી.

એજીઈએલ દ્વારા જારી કરાયેલા બોન્ડના રોકાણકારોને કથિત લાંચ યોજના વિશે જાણ કરવામાં આવી ન હતી, તેવો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જોકે, અદાણી ગ્રુપે આ તમામ આરોપોને નકારી કાઢ્યા છે. કંપનીનું કહેવું છે કે તેના કોઈ પણ અધિકારી અથવા સંસ્થા પર અમેરિકન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો નથી અને અદાણી ગ્રીન એનર્જી આ કેસમાં પક્ષકાર નથી.

અદાણી પક્ષ દ્વારા આપવામાં આવેલી દલીલ શું છે?

અદાણી અને તેના વકીલોએ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં અનેક કારણોસર કેસ ફગાવી દેવાની માંગ કરી છે. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે આ કેસ અમેરિકાના અધિકારક્ષેત્રની બહાર છે અને તેમાં કોઈ પણ પ્રકારનું ખોટું કામ નથી.

યુએસ કોર્ટને મોકલવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે અદાણી જૂથની નવીનીકરણીય ઉર્જા શાખા અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ દ્વારા 2021માં જારી કરાયેલા 75 મિલિયન ડોલરના બોન્ડ વેચાણ અંગેના એસઈસીના દાવાઓ ઘણા કાનૂની કારણોસર ખામીયુક્ત છે.

અદાણી પક્ષે દલીલ કરી હતી કે આ કેસ સંપૂર્ણપણે ભારત સાથે સંબંધિત છે. આરોપી, કંપની અને પ્રોજેક્ટ બધા ભારત સાથે સંબંધિત છે. સિક્યોરિટીઝ યુએસમાં સુચિબદ્ધ નથી. તેથી યુએસ સિક્યોરિટીઝ કાયાદ લાગુ પડતા નથી. કોર્ટે સુનાવણી નક્કી કર્યા બાદ હવે પ્રી મોશન કોન્ફરન્સમાં નિર્ણય લેવામાં આવશે કે કેસને પ્રારંભિક તબક્કે રદ કરી શકાય છે કે નહીં. જો કોર્ટ અદાણીની દલીલો સાથે સહમત થાય છે, તો લાંબી કાનુની પ્રક્રિયા અને સુનાવણીને ટાળી શકાય છે.

# LICના શેરમાં 6 ટકાનો ઉછાળો, બોનસ શેરની જાહેરાતની સંભાવના

**13મી એપ્રિલે** બોર્ડ બેઠકમાં બોનસ શેર ઇશ્યૂ કરવાના પ્રસ્તાવ પર વિચારણા કરાશે

મુંબઇ, તા. 8: દેશની સૌથી મટી વીમા કંપની એલઆઈસીના શેરમાં આજે 6 ટકાનો ઉછાળો આવ્યો છે. કંપની તેના શેરહોલ્ડરોને બોનસ શેર આપવા અંગે વિચારણા કરવા જઈ રહી હોવાના સમાચાર બાદ તેજી જોવા મળી હતી. એલઆઈસીએ 7 એપ્રિલે સ્ટોક એક્સચેન્જને મોકલેલી માહિતીમાં જણાવ્યું હતું કે, આગામી 13મી એપ્રિલે તેના બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠખ બોલાવવામાં આવી છે. આ બેઠકમાં શેરહોલ્ડરોને બોનસ શેર ઈશ્યૂ કરવાના પ્રસ્તાવ પર વિચારણા કરવામાં આવશે.

જોકે, બોનસ ઈશ્યૂ કરવાની રેકોર્ડ ડેટ નક્કી કરવામાં આવી નથી. આ પગલું પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે કંપની વર્ષ 2022માં લિસ્ટિંગ પછી પ્રથમ વખત બોનસ શેર આપવાનું વિચારી રહી છે. અત્યાર સુધી એલઆઈસીએ પોતાના રોકાણકારોને ડિવિડન્ડ દ્વારા જ રિટર્ન આપ્યું છે.

કંપનીએ એ પણ સ્પષ્ટતા કરી હતી કે ઈક્વિટી શેરમાં ટ્રેડિંગ માટેની ટ્રેડિંગ વિન્ડો હાલમાં બંધ છે અને 31 માર્ચ, 2026ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નાણાકીય વર્ષના પરિણામોની ઘોષણા પછી 48 કલાક સુધી બંધ રહેશે.